ગુજરાતમાં રંગોથી હોળી રમવા ઉપર મંજૂરી નહિ

માત્ર હોળી દહનને જ પરવાનગી : ચૂંટણીથી સંક્રમણ ફેલાયું તો આખા દેશમાં કેસ ન આવતા, હાલ નવા સ્ટ્રેઈનના કેટલાક દર્દી જોવા મળ્યાં છે : નીતિનભાઈ પટેલ

ગાંધીનગર,તા.૨૧

એક તરફ કોરોના કેસોની હરણફાળ છલાંગ, અને બીજી તરફ હોળી-ધૂળેટીનો તહેવાર. લોકોમાં અસમંજસ છે કે કોરોનાના કહેર વચ્ચે હોળી-ધૂળેટી ઉજવવી કે નહિ. ત્યારે નાયબ મુખ્યમંત્રીએ સ્પષ્ટતા કરી કે, હોળી અને ધુળેટી અંગે સીએમની અધ્યક્ષતામાં નિર્ણય કરાયો છે. હોળી અને ધુળેટી ધાર્મિક રીતે હોળી પ્રગટાવવાની મંજૂરી આપવામાં આવશે. હોળીની ઉજવણીમાં ટોળાશાહી કરવા, એકબીજા પર રંગ નાંખવા અને પાણી નાંખવાની કોઈ મંજૂરી આપવામાં નથી આવી. માત્ર ધાર્મિક રીતે હોળી દહનની જ મંજૂરી રહેશે. અમદાવાદમાં આવેલી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બેંક ખાતેના સહકાર ભવનમાં ઘનશ્યામભાઈ અમીનનો સત્કાર સમારોહ યોજાયો હતો. જેમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે હાજરી આપી હતી. તેમણે મીડિયા સંબોધનમાં કોરોનાના વધી રહેલા કેસો અંગે કહ્યું હતું કે, ૧૦ દિવસથી સમગ્ર દેશમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. કેસો વધતા નાગરિકોને જાગૃત કરવા, માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય તે માટે સાવચેત કરી રહ્યા છીએ. રાજ્યમાં જે કેસો વધ્યા છે, તે અગાઉની જેમ ગંભીરતા સાથે નથી આવી રહ્યાં. હાલ સામાન્ય લાક્ષણોવાળા જ કેસો આવે છે. હોમ ક્વોરેન્ટઈન થાય, ઘરે સારવાર લે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આ માટે ધન્વન્તરી રથ, ટેસ્ટિંગ કેમ્પનું પ્રમાણ વધારી દેવાયું છે. સામાન્ય બીમારી દેખાય એ તમામની સારવાર કરીએ છીએ. સાથે જ વેક્સીનેશન પણ તેજ ગતિથી ચાલી રહ્યું છે. ૩૬ લાખ લોકોને અત્યાર સુધી વેક્સીન આપી છે. અગાઉ વેક્સીનેશન કાર્યક્રમમાં રવિવારે

રજા અપાતી હતી, પણ આજે રવિવારના દિવસે ૨૫૦૦ કરતા વધુ સરકાર અને અન્ય ખાનગી હોસ્પિટલમાં કામગીરી ચાલુ છે. સાથે જ તેમણે કહ્યું કે, વેક્સીન લીધી છે એટલે સુરક્ષિત એવું મહેરબાની કરીને કોઈ ના માને. બંને ડોઝ લીધાના ૧૫ દિવસ બાદ અસર શરૂ થશે એટલે સૌ કોઈ ધ્યાન રાખે. હાલ ૧૫ લાખથી વધુ ડોઝ આપણી પાસે ઉપલબ્ધ છે. કરફ્યૂ વિશે નાયબ મુખ્યમંત્રી બોલ્યા કે, જરૂર છે ત્યાં રાત્રિ કરફ્યૂ મૂક્યો છે, કેટલાક બજારો શનિ રવિમાં બંધ રાખ્યા છે. ખરીદી માટે લોકો માર્કેટમાં શનિ રવિમાં આવતા જતા હોય છે, તેથી મોલ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. વેપાર ધંધા કે નાના માણસની રોજગારી પર અસર ના થાય તેનું ધ્યાન રાખી રહ્યા છીએ. હાલ ૪ થી ૫ પ્રકારના કોરોનાના નવા સ્ટ્રેઈનના કેટલાક શહેરના દર્દીઓ જોવા મળ્યાં છે. સદનસીબે યુકે સ્ટ્રેઈન જે ખૂબ સંક્રમણ ફેલાવે છે તેની જે ચિંતા હતી, એવી ચિંતાજનક કોઈ સ્ટ્રેઈન માલુમ પડ્યું નથી. તો ગુજરાતમાં કોરોનાના વધી રહેલા કેસ અંગે નીતિન પટેલે ખુલાસો કર્યો કે, કારણ વિશે દરેક લોકો જુદા જુદા અનુમાન કરે છે. મેચ માત્ર અમદાવાદમાં હતી. જેને જોવા ૫૦ હજાર લોકો ગયા હશે. ચૂંટણી મનપાની યોજાઈ, એ પહેલાં પેટાચૂંટણી યોજાઈ. હાલ બંગાળ, તમિલનાડુ, કેરળમાં ચૂંટણી ચાલી રહી છે. એએમટીએસ અને બીઆરટીએસમાં જેટલા લોકો ફરે છે એનાથી વધુ ખાનગી કાર, એસટી કે ટ્રેનમાં મુસાફરી કરે છે. આ બધા તારણ છે, પણ માસ્ક લોકો પહેરે, થોડું અંતર રાખે તો સંક્રમણથી બચી તેને અટકાવી શકાશે. ચૂંટણીથી સંક્રમણ ફેલાયું તો આખા દેશમાં કેસ ના આવતા. મેચથી કેસ વધ્યા તો રાજ્યભરમાં કેસ ના વધ્યા હોત. મહારાષ્ટ્રમાં ચૂંટણી નથી, મેચ નથી રમાઈ પણ ત્યાં કેસો મોટા પ્રમાણમાં છે. કોરોના મામલે સરકારી વ્યવસ્થા અંગે જણાવ્યું, બધી હોસ્પિટલમાં ૭૦ ટકા કરતા વધુ પ્રમાણમાં પથારી ખાલી છે. કોઈએ ડરવાની જરૂર નથી. કોઈપણ જાતના કરફ્યૂની વિચારણા રાજ્ય સરકાર નથી કરી રહી. રાત્રિકરફ્યૂએટલેછેકેનાગરિકો હોટેલ રેસ્ટોરન્ટ પર એકત્ર થાય અને જોખમ વધે નહિ. નેતા હોય કે કોઈ સાધુ સંત હોય, ખેલાડી હોય કે ઉદ્યોગપતિ હોય. સૌ કોઈ માનવી છે, ગમે તેને ગમે ત્યારે રોગ થઈ શકે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને સતર્ક રહેવા આદેશ

પાટનગરમાં પણ કોરોનાના કેસ વધતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. ગાંધીનગર કોવીડ હોસિપટલમાં હાલના સમયે પોઝીટીવ અને શંકાસ્પદ મળીને ૩૫ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. આ તમામ દર્દીઓને આઠમાં માળે રાખવામાં આવ્યા છે, જયારે સાતમો માળ રીઝર્વ રાખવામાં આવ્યો છે. જયારે રોગચાળાની સ્થિતિમાં ડોકટર્સની અછત ના વર્તાય તે માટે ડોકટર્સનુ ઉનાળુ વેકેશન પણ સ્થગીત કરાયું છે. મેડીકલ કોલેજના જુનીયર ડોકટરોને કોરોના ડયુટી આપવામાં આવી છે. આગામી દિવસોમાં જરુર જણાશે તો કોરોના વિભાગમાં અન્ય વિભાગના ડોકટરોને પણ ફરજ પર મુકવામાં આવશે. જયારે પેરા મેડીકલ સ્ટાફની પણ ભરતી તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે.તો બીજીતરફ દર્દીઓને ઓક્સિજન ની અછત ના સર્જાય તે માટે ઓક્સિજન ટેન્ક પણ કાર્યરત કરી દેવાઈ છે. ત્યારે કોરોનાના કેસોની વધતી જતી સંખ્યા જોઈને હોસ્પિટલના ડોકટર્સને પણ હેડકવાટર્સ નહી છોડવા માટે સુચના આપવામાં આવી છે. કોરોનાના કેસનો આંકડો શેરબજારની જેમ ઉંચે ને ઉંચે જઈ રહ્યો છે. જેને પગલે આરોગ્ય વિભાગ પણ ચિંતિત નજરે પડી રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી રાજયમાં કોરોનાના કેસમાં ઉછાળો જોવા મળ્યો છે. દર્દીઓની લાંબી કતારો જોઈને દિવાળી જેવી સ્થિતિ વકરે નહી તે માટે જિલ્લા તંત્રને પણ સતર્ક કરાયુ છે. જયારે આરોગ્ય વિભાગ અને પોલીસ તંત્રને પણ તૈયાર રહેવા માટે સુચન કરાયું છે. કોરોના પોઝીટીવ દર્દીઓને સારવાર આપવામાં આવે છે તે હોસ્પિટલને પણ દર્દીઓની પથારીઓ તેમજ ઓક્સિજન સહિતની સુવિધા વધારવા માટે અધિકારીઓને જણાવાયું છે.

ગજાનન સેવા સમિતિનો ત્રિપુરા રાજ્યના ધરમપુર ગામે મેડીકલ કેમ્પ

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા ગજાનન સેવા સમિતિ દ્વારા ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્ય ત્રિપુરાના ધરમપુર ગામે સેવાકાર્યો હાથ ધરવામાં આવ્યાં છે. આ સેવાકાર્યો માટે સમિતિના મિલિંદભાઈ ગુમે સાથે બે તબીબો સહિતની ટીમ પહોંચી છે જેમના દ્વારા સ્થાનિક જરૂરિયાતમંદોને વિવિધ રોગોના નિદાન-ચેકઅપની સુવિધા આપવા સાથે ૩૦ બોક્સ જેટલી દવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમજ આંખના દર્દીઓને વિનામૂલ્યે ચશ્માનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ કેમ્પ ૧૮ દિવસ સુધી ચાલશે.

ભાટ ગામે વીજ પોલને અડકી જતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા ભાટ ગામે નવનિર્મિત ગાર્ડનમાં પાણીનો છંટકાવ કરતા ૨૧ વર્ષિય યુવકનો હાથ વિજપોલને અડી જતા યુવકનું મૃત્યુ નિપજયુ હતું. મુળ દાહોદના સુનિલ બદીયા અને તેની પત્ની રમીલાબેન ભાટ વિસ્તારમાં ટીપી રોડ પર નવા બની રહેલા બગીચામાં મજુરી કામ કરે છે. બગીચાનું કામ ચાલતુ હોવાથી તેઓ દંપતિ બગીચામાં જ અન્ય શ્રમિકો સાથે રહેતા હતા. ગતરોજ દંપતિ ગાર્ડનમાં કામ કરી રહ્યા હતા. તે સમયે સુનિલ બગીચામાં પાણીનો છંટકાવ કરી રહ્યો હતો. પાણીનો છંટકાવ કરતા કરતા સુનિલ નવા નાંખેલા વિજપોલ પાસે પહોંચી ગયો હતો અને આ વિજપોલમાં કરંટ ચાલુ હતો. પરંતુ આ વાતથી અજાણ સુનિલનો હાથ અચાનક વિજપોલને અડકી જતા વિજપ્રવાહ શરીરમાં ઘુસતા જ સુનિલ તરફડીયા મારવા લાગ્યો હતો. જેથી ગાર્ડનમાં કામ કરતી તેની પત્ની અને અન્ય શ્રમિકો બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. પરંતુ તે પહેલા જ યુવકનુ પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતું.

એ-વન ફાર્મસી કોલેજના રમતગમત સપ્તાહમાં "યુથ યુનાઈટેડ ફોર ધૈર્યરાજસિંહ"

ગાંધીનગર તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના દહેગામથી નરોડા રોડ પરની દિવાબા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એ-વન ફાર્મસી કોલેજ દ્વારા રમતગમત સપ્તાહ સહિત વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ ધારાસભ્ય તેમજ દિવાબા એજ્યુકેશન ટ્રસ્ટ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ધવલસિંહ ઝાલા તથા તમામ પ્રધ્યાપકોએ હાજરી આપી હતી. આ ઉજવણી દ્વારા તેઓએ મહીસાગરના માસૂમ ધૈર્યરાજસિંહ રાઠોડ માટે ભંડોળ એકઠું કર્યું હતું અને વધુ દાન આપવા માટે વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

આ કાર્યક્રમમાં કોલેજના ડી.ફાર્મ, બી.ફાર્મ, એમ.ફાર્મ, ફાર્મ.ડી વગેરે કોર્સના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પાર્ટી ડે, ગ્રુપ ડે, બેલ્ઝર ડે, ગાઉન ડે, કેરેક્ટર ડે, ટ્રેડિશનલ ડે જેવા વિવિધ

ઉજવણીનો આનંદ માણ્યો હતો. આ ઉપરાંત સ્ટુડેંટ્સ માટે વર્ષ દરમિયાન સ્પોર્ટ્સ અને એકેડેમિકમાં કરેલા પોતાના પરફોર્મન્સને ધ્યાનમાં રાખીને તેમના ઉત્કર્ષ દેખાવ માટે મૂલ્ય વૃદ્ધિ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કોરોના કાળમાં વિદ્યાર્થીઓને આનંદની તક પૂરી પાડતા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એવન ફાર્મસી કોલેજના આચાર્ય અને પ્રોફેસર ધવલ પટેલ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી જેમાં સંસ્થાના સ્વયંસેવકોએ પણ સહકાર પૂરો પાડ્યો હતો.

ખૂણેખાંચરેથી

- દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે દહેગામ તાલુકાના પાલુન્દ્રા આરોગ્ય કેન્દ્રમાં આજે કોરોનાની રસી લીધી હતી.
- જિલ્લામાં વર્ગ-૧-૨ની આજે યોજાયેલ પ્રિલીમ પરીક્ષા ૬૩ કેન્દ્રોપર યોજાઈ હતી. જેમાં ૫૦ ટકા જ પરીક્ષાર્થીઓએ હાજરી આપી હતી.
- ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઈટલા ગામે જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલે નવનિર્મિત પંચાયત ઘરનું લોકાર્પણ કર્યુ છે.
- માણસા કોલેજના પૂર્વ અધ્યાપક હરેશભાઈ પંડિતના થયેલા દુઃખદ અવસાનને પગલે માણસા કોલેજ ખાતે સ્વ. પંડિતને શ્રદ્ધાંજલિ અર્પવા એક ખાસ શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થવાને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ટિકિટવાંચ્છુઓ દ્વારા દોડધામ વેગીલી બનાવવામાં આવી છે.
- કોરોનામાંથી આજે રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા ગ્રામ્ય વિસ્તાર અને શહેરમાં એક સરખી નોંધાઈ છે.
- ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫૮૩ લોકોનું કોરોના વેક્સીનેશન કરવામાં આવ્યુ છે.
- પંચદેવ યુવક મંડળના અગ્રણી જે.ડી.ના માતુશ્રીનું આજે દુઃખદ અવસાન થયુ છે.
- શહેરમાં શાકભાજીના ભાવોમાં આવેલા ઉછાળા બાદ દ્રાક્ષ, ટેટી અને તરબુચના ભાવોમાં પણ ઉછાળો જોવા મળ્યો છે.

'નીર છે તો નૂર છે બાકી દુનિયા ધૂળ છે' : ૧૫ વર્ષમાં ૩૦ ટકા જળ સમાપ્ત થઈ જશે

'વેલ્યુઈંગ વોટરલ્ય એટલે કે 'મૂલ્યવાન પાણી' એ વિશ્વ જળ દિવસ ૨૦૨૧ની થીમ છે. આ દિવસે પાણી બચાવવાના સંકલ્પ લેવાય છે પરંતુ બીજા દિવસથી જ સંકલ્પ તોડવામાં આવે છે. પૃથ્વી પરના પાણીને માનવીએ દૂષિત કરી નાંખ્યું છે. જળસ્ત્રોત સમાપ્ત કરી દીધા છે. 'કુદરત પાસેથી લેવામાં આવ્યું છે પરંતુ પાછું આપવામાં આવ્યું નથી પરિણામે જળસંકટનો સામનો કરવો પડી રહ્યો છે.' વિશ્વમા દોઢ અબજ લોકો એવાં છે કે જેમને પીવા માટે શુદ્ધ પાણી મળતું નથી. ભારતની ધરતી પર ભૂગર્ભ જળમાં ફ્લોરાઈડ, નાઈટ્રેટ, આર્સેનિક, લેડ જેવા ઝેરી તત્વો અને ઉદ્યોગોનું કેમિકલયુક્ત પ્રદૂષણ ભળતું જાય છે તેથી તે પાણી પીવા લાયક રહ્યું નથી. સરફેસ વોટર બધી જગ્યાએ ઉપલબ્ધ નથી. મોટા શહેરોમાં લીકેજના કારણે ૧૭ થી ૪૪ ટકા પાણી વેડફાઈ જાય છે. દેશ અને ગુજરાતમાં ૧૦ પૈકી બે વ્યક્તિને શુદ્ધ પાણી મળતું નથી. મનુષ્યને પ્રતિદિન ત્રણ લીટર

ભારત અને ગુજરાતમાં ૧૦ પૈકી બે વ્યક્તિને પીવા માટે સ્વચ્છ પાણી મળી શકતું નથી

અને પશુને ૫૦ લીટર પાણીની જરૂરિયાત પડે છે. ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ ૨૨મી માર્ચના દિવસને વિશ્વ જળદિન તરીકે ઘોષિત કર્યો હતો ત્યારપછી દર વર્ષે જળદિનની ઉજવણી કરવામાં આવે છે પરંતુ બીજા દિવસથી જ પાણીનો વેડફાટ શરૂ થઈ જાય છે. આ દિવસની ગંભીરતા વર્તમાન સરકાર અને લોકો સમજી શકતા નથી.

● પાણીમાં ઓક્સિજન અને હાઈડ્રોજન પરમાણું છે...

પાણી એ એક રાસાયણિક પદાર્થ છે જેની રાસાયણિક સંજ્ઞા એચટુઓ છે. પાણીના એક અણુમાં ઓક્સિજન અને બે હાઈડ્રોજન પરમાણું હોય છે જે સહસંયોજક બંધથી જોડાયેલા હોય છે. પ્રકૃતિમાં પાણી અનેક અવસ્થામાં મળી આવે છે. આકાશમાં પાણી વરાળ અને વાદળાં સ્વરૂપે, દરિયાના પાણી, ધ્રુવીય સમુદ્રમાં હિમશિલા સ્વરૂપે, પર્વત પર હિમનદી અને નદી સ્વરૂપે, ધરતી પર વિવિધ જળસ્ત્રોત અને ભૂગર્ભમાં જળ સ્વરૂપે મળે છે. પાણી એ સ્વાદ અને ગંધરહિત છે તથા તાપમાન અને દબાણની પ્રમાણભૂત સ્થિતિમાં પ્રવાહી છે. પાણી પારદર્શક છે તેથી સૂર્યપ્રકાશ પસાર થઈ શકે છે. વિશ્વના મોટાભાગના પાણીનું નિર્માણ સ્ટાર (તારા) નિર્માણની ઉપપેદાશ તરીકે થયું છે. જ્યારે કોઈ સ્ટાર જન્મે છે ત્યારે વાયુ અને રજકણોની એક મહા લહેર બહાર તરફ ફેંકાય છે, જ્યારે આ બહાર તરફ ફેંકાતો પદાર્થોનો જથ્થો છેવટે વાયુ સાથે અથડાય છે જેમાંથી પેદા થતી આઘાતી તરંગો વાયુ પર દબાણ આપે છે અને વાયુ ગરમ થઈ જાય છે. ગરમ અને ગાઢા વાયુમાં પાણી ઝડપથી બને છે. વૈજ્ઞાનિકોને તો તારાઓની વચ્ચેના વાદળમાં પણ પાણી મળી આવ્યું છે. પૃથ્વીની સપાટીના ૭૧ ટકા ભાગ પર પાણી છે પરંતુ તેનો ૯૭.૨ ટકા ભાગ સમુદ્રમાં સમાયેલો છે. એન્ટાર્કટિકાની હિમચાદરમાં પૃથ્વીના મીઠા પાણીનો લગભગ ૬૧ ટકા ભાગ આવેલો છે.

● પીવા માટે સૌથી તંદુરસ્ત પાણી ઝરણાંનું છે...

પૃથ્વીની સપાટી પર કે સપાટીની નીચે મળી આવતા પાણીના સમગ્ર જથ્થાને જળાવરણ કહે છે. પૃથ્વી પર પાણીનું કુલ કદ ૧૩૬૦૦૦૦૦૦૦ ઘન કિલોમીટર કે ૩૨૬૦૦૦૦૦૦ ઘન માઈલ છે. પ્રવાહી સ્વરૂપે પાણી સાગર, તળાવ, નદી, ઝરણા,ઘેર, સરોવર કે ખાબોચિયામાં મળી આવે છે. પાણી ઘન પ્રવાહી અને વાયુ સ્વરૂપે વાતાવરણમાં મળી આવે છે. ભૂગર્ભ તળાવ સ્વરૂપે તે જમીન નીચે પણ અસ્તિત્વ ધરાવે છે. વરસાદનું કેટલુંક પાણી નિશ્ચિત સમયગાળા માટે તળાવ જેવા જળાશયોમાં ભરાઈ જાય છે. શિયાળા દરમિયાન ઊંચાઈ પર અને દૂર ઉત્તર અને દક્ષિણમાં હિમવર્ષા હિમશિખરો અને હિમનદીઓમાં એકત્ર થાય છે. પાણી જમીનમાં પણ ઉતરી જાય છે અને પેટાળમાં ચાલ્યું જાય છે. આ ભૂગર્ભીય પાણી પાછળથી

ઝરણા તરીકે ફુવારા કે ગરમ પાણીના ઝરા સ્વરૂપે સપાટી પર બહાર આવે છે. જમીનમાં રહેલું પાણી કૃત્રિમ રીતે કૂવાઓમાં બહાર કાઢી શકાય છે. આ પાણીના સંગ્રહસ્થાનો મહત્વપૂર્ણ છે. સૌથી સ્વચ્છ અને તંદુરસ્ત



પાણી ઝાકળ પછી ઝરણાંનું હોય છે.

● માનવ સભ્યતાનો વિકાસ નદી પાસે થયો છે...

ગુજરાતમાં બોરવેલ અનિયંત્રિત પરંતુ નર્મદાજળ ૫૦ ટકા વિસ્તારની તરસ છીપાવે છે

નદીઓ અને મોટા જળમાર્ગો આસપાસ માનવ સભ્યતાના વિકાસનો ઈતિહાસ રહ્યો છે. સભ્યતાનું પારણું ગણાતું મેસોપોટેમિયા તાઈગ્રીસ અને યુફ્રેટિસ નદીની વચ્ચે આવેલું હતું. પ્રાચિન ઈજિપ્તનો સમાજ સંપૂર્ણપણે નાઈલ નદી પર નિર્ભર હતો. મોટા શહેરો જેમ કે રોટરડેમ, લંડન, મોન્ટ્રીયલ, પેરિસ, ન્યુયોર્ક, બ્યુનોસ એર્સ, શાંઘાઈ, ટોકયો, શિકાગો અને હોંગ કોંગની સફળતા જળમાર્ગ તથા તેના કારણે વ્યાપારના વિકાસને આભારી છે. સિંગાપોર જેવા સુરક્ષિત બંદરમાર્ગ ધરાવતા ટાપુનો આ કારણથી જ વિકાસ થયો છે. ઉત્તર આફ્રિકા અને મધ્ય પૂર્વ જેવા સ્થળોએ જયાં પાણીની અછત છે ત્યાં માનવ વિકાસમાં પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થાએ મહત્વની ભૂમિકા ભજવી છે. વિકાસશીલ દેશોમાં ૯૦ ટકા જેટલું ગંદુ પાણી શુદ્ધ કર્યા વગર પાણીના પ્રવાહમાં છોડી દેવાય છે. લગભગ ૫૦ દેશ અથવા વિશ્વની કુલ વસ્તીનો ત્રીજા ભાગનો હિસ્સો પાણીનો મધ્યમ અથવા ઉચ્ચ વપરાશ કરે છે. ૧૭ દેશ તેમની કુદરતી પાણી વ્યવસ્થામાં રિચાર્જ થતા પાણી કરતા વધુ પાણી જમીનમાંથી ખેંચે છે.

● કેટલું પાણી પીવું જોઈએ તેનું માપ નથી...

માનવ શરીરમાં લગભગ ૫૫ ટકાથી ૭૮ ટકા હિસ્સો પાણીનો હોય છે જેનો આધાર શરીરના કદ પર રહેલો છે. યોગ્ય રીતે કામ કરવા માટે શરીરને ડિહાઈડ્રેશનથી બચવા માટે દરરોજ એકથી સાત લીટર પાણીની જરૂર પડે છે. ચોક્કસ કેટલા પાણીની જરૂર પડશે તેનો આધાર પ્રવૃત્તિ, તાપમાન, ભેજ અને અન્ય કેટલાક પરિબળો પર રહેલો છે. તંદુરસ્ત વ્યકિતએ દરરોજ કેટલું પાણી પીવું જોઈએ તે વિશે હજુ સ્પષ્ટતા થઈ શકી નથી, છતાં મોટા ભાગના લોકો હાઈડ્રેશનનું યોગ્ય પ્રમાણ જાળવી રાખવા માટે રોજના છ થી સાત ગ્લાસ પાણી પીવાની હિમાયત કરે છે. કેટલું પાણી પીવું જોઈએ તે વિશે ૧૯૪૫માં નેશનલ રિસર્ચ કાઉન્સિલના ફુડ એન્ડ ન્યુટ્રિશન બોર્ડ દ્વારા કરવામાં આવેલી ભલામણ પ્રમાણે, સાધારણ ધોરણે વ્યકિતએ દરેક કેલેરીના આહાર સામે એક મિલીલિટર પાણી પીવું જોઈએ. મોટા ભાગનો જથ્થો રાંધેલા ખોરાકમાં હોય છે.

● ૧૫ વર્ષમાં ૩૦ ટકા પાણીનો ઘટાડો થશે...

યુનાઈટેડ સ્ટેટ્સ નેશનલ રિસર્ચ કાઉન્સિલએ સામાન્ય ભલામણ (ખોરાકના સોર્સ સહિત)માં જણાવ્યું છે કે મહિલાએ દરરોજ સરેરાશ ૨.૭ લિટર પાણી પીવું જોઈએ જ્યારે પુરૂષો માટે આ પ્રમાણ ૩.૭ લિટરનું છે. આ ઉપરાંત ગર્ભવતી મહિલાઓ અને

પૃથ્વીની સપાટીના ૭૧ ટકા ભાગ પર પાણી છે પરંતુ તેનો ૯૭.૨ ટકા હિસ્સો સમુદ્રમાં છે

સ્તનપાન કરાવતી મહિલાઓએ તેમના શરીરમાંથી ઓછા થઈ રહેલા પ્રવાહીને સરભર કરવા માટે વધારે પાણી પીવું જોઈએ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિસીનએ ભલામણ કરી હતી કે મહિલાએ ૨.૨ લિટર અને પુરુષે ૩.૦ લિટર પાણી પીવું જોઈએ. એ બાબતની પણ નોંધ લેવાઈ છે કે સામાન્ય રીતે ૨૦ ટકા જેટલું પાણી ખોરાકમાંથી મળતું હોય છે જ્યારે બાકીનું પ્રવાહી પાણીમાંથી અથવા અન્ય પીણામાંથી (ચા-કોફી સહિત) મળે છે. યુનાઈટેડ નેશન્સનો એક અહેવાલ સૂચવે છે કે દુનિયામાં પ્રત્યેક વ્યક્તિ માટે પુરતું પાણી ઉપલબ્ધ છે પરંતુ ગેરવહીવટ અને ભ્રષ્ટાચારને કારણે તેની પ્રાપ્યતામાં અવરોધ ઉભો થાય છે. વર્લ્ડ વોટર એસેસમેન્ટ પ્રોગ્રામનો યુએન વોટર વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ સૂચવે છે કે આવનારા ૧૫ વર્ષમાં લોકોને ઉપલબ્ધ પાણીમાં ૩૦ ટકાનો ઘટાડો થશે.

● રાજ્યમાં ૫૦ ટકા લોકો નર્મદાનું પાણી પીવે છે...

એક સમયમાં હતો જ્યારે ગુજરાતમાં ૧૮૫ કરતાં વધુ નદીઓ જીવંત હતી અને જીવસૃષ્ટી નદી કિનારે જોવા મળતી હતી પરંતુ સમય જતાં નદીઓ લુપ્ત થતી ગઈ છે અને હવે નાની-મોટી મળીને ૬૦ જેટલી નદીઓ રહી છે જે પૈકી પાણીનો જીવંત પ્રવાહ માત્ર આઠ થી દસ નદીમાં જોવા મળે છે. રાજ્યની સૌથી મોટી નર્મદા નદીમાં સરદાર સરોવર બંધના નિર્માણની સાથે સાથે નર્મદાની પાઈપલાઈનના થયેલા કામો પછી આજે સ્થિતિ એવી છે કે રાજ્યના અંદાજે ૫૦ ટકા વિસ્તારના લોકો નર્મદાના પાણીનો ઉપયોગ કરી રહ્યાં છે. રાજ્યના ૧૭૮૪૩ ગામો પૈકી ૯૩૬૦ ગામડામાં નર્મદાની પાઈપલાઈન મારફતે પાણી મળે છે. રાજ્યમાં જ્યાં સરફેસ વોટર મળતું નથી ત્યાં બોરવેલના પાણી પીવાય છે અને પાણીનું વિકૃત રીતે દોહન થઈ રહ્યું છે, જે આવનારી પેઢી માટે ખતરો છે, કારણ કે ગમે ત્યાં અને ગમે ત્યારે બોરવેલ બનાવવામાં આવે છે પરંતુ વરસાદનું પાણી ઉતારવા માટે રિચાર્જીંગ વેલની વ્યવસ્થા થતી નથી. સરકારે બનાવેલા કાયદાનો ભંગ થઈ રહ્યો છે.